# VCએ ૨૦૨૩માં બે અબજ $ની તુલનાએ ૨૦૨૪માં ચાર અબજ $ની કમાણી કરી

નોંધપાત્ર પબ્લિક માર્કેટ હિસ્સાની વેચવાલી કરી

૨૦૨૨ના ૧.૫ અબજ ડોલરની સરખામણીએ કમાણીમાં ૧૮૦%નો વધારો

## ચીનના અલીબાબા જૂથે બે બલ્ક ડીલ દ્વારા ઝોમેટોના ૯૦૦ મિલિયન ડોલરની કિંમતના શેરની વેચવાલી કરી

અમદાવાદ । ફંડિંગ વિન્ટર દરમિયાન એક્ઝિટની મર્યાદિત તકોના બે વર્ષ બાદ વેન્ચર કેપિટલ (વીસી) કંપનીઓએ ચાલુ વર્ષે નવેમ્બર મહિના સુધીમાં વિવિધ કંપનીઓમાં પબ્લિક માર્કેટ શેરની વેચવાલી કરીને રેકોર્ડ ૪.૦૬ અબજ ડોલરની કમાણી કરી હતી. એટલે કે, વિવિધ કંપનીઓમાં જંગી રકમનું રોકાણ કરનારા અને વેન્ચર કેપિટલ તરીકે ઓળખાતાં રોકાણકારોએ પોતાનો નોંધપાત્ર હિસ્સાની વેચવાલી કરી આકર્ષક કમાણી કરી લીધી હતી. વેન્ચર ઈન્ટેલિજન્સના ડેટામાં દર્શાવવામાં આવ્યું હતું કે, વીસી દ્વારા આ વર્ષે કરાયેલી કમાણી ગત વર્ષના ૨.૦૬ અબજ ડોલર કરતી બમણી છે. તેમજ વર્ષ ૨૦૨૨ની તુલનાએ આ કમાણીમાં ૧૮૦ ટકાનો વધારો થયો છે. કેમ કે, ૨૦૨૨માં આ આંકડો ૧.૫ અબજ ડોલર હતો. આ કુલ આંકડો ૨૦૨૧ના ફંડિંગ બૂમને પણ વટાવી ગયો છે. જ્યારે વીસીએ પબ્લિક માર્કેટ હિસ્સાના વેચાણ દ્વારા ૩.૩ અબજ ડોલરની આવક કરી હતી. લિસ્ટેડ કંપનીઓમાં ઈક્વિટી હિસ્સેદારીના વિનિવેશ સાથે જોડાયેલ વેચાણ એ વાતને રેખાંકિત કરે છે કે, કેવી રીતે તેજીવાળા આઈપીઓ બજારે રોકાણકારોના એક્ઝિટના વ્યૂહને પુનઃજીવિત કર્યું છે. વીસી આધારિત આઈપીઓમાં સૌથી અલગ સ્વિગીની નવેમ્બરમાં ૧.૪ અબજ ડોલરની ઓફર હતી. જેથી તેના રોકાણકારો માટે ૭૫૦ મિલિયન ડોલર છૂટા કરવાનો માર્ગ મોકળો થયો હતો.

### IPOમાં તેજીનો લાભ : જાહેર બજાર હિસ્સો ઘટાડી VCની એક્ઝિટ

| વર્ષ | સોદાઓની સંખ્યા | કમાણીની રકમ મિલિયન ડોલરમાં) |
|---|---|---|
| 2020 | 7 | 113 |
| 2021 | 18 | 3,262 |
| 2022 | 13 | 1,459 |
| 2023 | 32 | 2,064 |
| 2024 | 44 | 4,067 |

### ૨૦૨૪માં અત્યાર સુધીની ટોપ એક્ઝિટ

| કંપની | સેલિંગ ઈન્વેસ્ટર્સ | કમાણી કરાયેલી રકમ (મિલિયન ડોલરમાં) |
|---|---|---|
| સ્વીગી | ઈલિવેશન કેપિટલ, ગોલ્ડમેન સક્સ, નોરવેસ્ટ, એસેલ, ડીએસટી ગ્લોબલ, આલ્ફા વેવ, હિલહાઉસ કેપિટલ, ટેનસેન્ટ, હાર્મોની પાર્ટનર્સ, બેરોન કેપિટલ, નાસપર્સ | ૭૫૦ |
| ઝોમેટો | અલિબાબા | ૯૦૯ |
| પોલીસી બઝાર | ટેમાસેક | ૨૯૧ |
| ફર્સ્ટક્રાય | પ્રેમજી ઈન્વેસ્ટ, ટીપીજી કેપિટલ, સોફ્ટબેન્ક કોર્પોરેશન, ન્યૂક્વેસ્ટ, ક્રિશ ગોપાલક્રિષ્ણન, શ્રોડર એડવેક | ૨૨૭ |

# ૮૧,૧૫૧ તથા ૨૪,૬૦૧ નજીકના ટેકા ધ્યાનમાં રાખવા

સ્ટોક સ્પેસિફિક એપ્રોચ રાખી વેપાર કરવો

ડેઈલી ટ્રેડિંગ
ધર્મેશ ભટ્ટ

**બીએસઇ ઇન્ડેક્સ (૮૧,૭૪૮) :** ૮૧,૫૫૧ નજીકનો ટેકો ધ્યાનમાં રાખવો. જે તૂટતાં ૮૧,૨૦૨-૮૧,૧૪૮ તથા તે બાદ ૮૦,૯૮૬ અને ૮૦,૮૬૪ની નીચી સપાટી આવી શકશે. ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૮૦,૬૩૫નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૮૧,૯૩૯-૮૨,૦૦૬ તથા ૮૨,૧૩૫ મહત્ત્વની પ્રતિકાર સપાટી ધ્યાનમાં રાખવી. ૮૨,૧૩૫ પાર થયા બાદ ફ્રેશ લેવાલી થકી ૮૨,૩૯૭-૮૨,૫૦૧ તથા તે બાદ ૮૨,૭૦૦નો સુધારો જોવાશે.

**નિફ્ટી સ્પોટ : (૨૪,૬૬૮)** ૨૪,૬૦૧ નજીકનો ટેકો ધ્યાનમાં રાખવો, જે તૂટતાં ૨૪,૫૩૧-૨૪,૪૮૬ તથા ૨૪,૪૨૩-૨૪,૪૧૩ની નીચી સપાટી આવી શકશે. ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૨૪,૪૧૩નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૨૪,૭૩૩ તથા ૨૪,૭૮૨ની પ્રતિકાર સપાટી ધ્યાનમાં રાખવી. ૨૪,૭૮૨ પાર થયા બાદ ફ્રેશ લેવાલી થકી ૨૪,૮૯૨ તથા ૨૪,૯૫૨-૨૪,૯૬૭નો સુધારો જોવાશે. નીચામાં ૨૪,૪૧૩ તૂટતાં ૨૪,૩૧૦નું પેનિક જોવાશે.

**બેન્ક નિફ્ટી સ્પોટ : (૫૩,૫૮૧)** ૫૩,૩૩૫ નજીકનો ટેકો ધ્યાનમાં રાખવો. જે તૂટતાં ૫૩,૨૧૨, ૫૩,૮૦૫, ૫૩,૦૦૦ ની નીચી સપાટી આવી શકશે. જ્યાં લેવાલીનો ટેકો જોવાશે. લેણમાં ૫૨,૯૦૦નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૫૩,૬૧૨ તથા ૫૩,૭૬૨ મહત્ત્વની પ્રતિકાર સપાટી ધ્યાનમાં રાખવી. ૫૩,૭૬૨ પાર થતાં ૫૩,૯૦૧-૫૩,૯૯૦ તથા તે બાદ ૫૪,૧૪૫નો સુધારો જોવાશે. નીચામાં ૫૨,૯૦૦ તૂટતાં ૫૨,૬૮૦નું પેનિક જોવાશે.

**અશોક લેલેન્ડ : (૨૩૪/૭૫)** ૨૩૨ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૨૨૯નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૨૪૨ તથા ૨૪૫-૨૪૭નો સુધારો જોવાશે.

**બજાજ ફીન સર્વ : (૧,૬૭૨)** ૧,૬૫૯ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૧,૬૩૫નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧,૬૮૫ પાર થતાં ૧,૭૦૮ તથા ૧,૭૨૨નો સુધારો જોવાશે.

**સિટી યુનિયન બેન્ક : (૧૮૭)** ૧૮૫ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૧૮૧નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧૮૮ પાર થતાં ૧૯૨ તથા તે બાદ ૨૦૨નો સુધારો જોવાશે.

**આઇસીઆઇસીઆઇ બેન્ક : (૧,૩૪૫)** ૧,૩૩૮ નજીકનો તથા ૧,૩૩૦-૧,૩૨૮ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૧,૩૧૪નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧,૩૫૧ પાર થતાં ૧,૩૬૦, ૧,૩૭૨ તથા ૧,૩૯૩નો સુધારો જોવાશે.

**ઇન્ડસ ઇન્ડ બેન્ક : (૧,૦૦૦)** ૯૯૩ના ઘટાડે લેવાલી જોવાશે. લેણમાં ૯૮૬નો સ્ટોપલોસ રાખવો. ઉપરમાં ૧,૦૧૭ તથા તે બાદ ૧,૦૨૯ અને ૧,૦૪૮ નો સુધારો જોવાશે.

# પાલનપુરમાં યુવક પાસે માગેલા ફોટા ન આપતા યુવતીએ વીડિયો બનાવી ગળે ફાંસો ખાઈ લીધો

## ફોટાની માગણી મુદ્દે થયેલી ચડભડમાં યુવતીએ ચેલેન્જ આપી પંખે લટકી ગઈ હોવાનું અનુમાન

। પાલનપુર ।

પાલનપુરના તાજપુરા વિસ્તારમાં શરણાઈવાડી ઠાકોરવાસમાં રહેતી એક યુવતીએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ચકચાર મચી જવા પામી છે. જોકે યુવતીએ આપઘાત કરતાં પહેલા તે એક ચાહત નામના યુવકની માફી માંગતો વિડિયો બનાવ્યો હોવાનુ અને યુવતીના મોબાઈલમાંથી અમુક કોલ રેકોર્ડિંગ પણ મળ્યા હતા.

યુવતીની બેને નોંધાવેલ ફરીયાદ આધારે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે વધુ કાર્યવાહી હાથ ધરી છે. પાલનપુર શહેરના તાજપુરા શરણાઈ વાડીમાં આવેલ ઠાકોર વાસમાં પોતાના બહેન બનેવી જોડે રહેતી રાધા લલિતભાઈ ઠાકોર તેના બહેનના દીકરા જોડે ગત શનિવારે સવારે તેના ફોઈના ઘરે ઢુવા ગામમાં પ્રાણ પ્રતિષ્ઠા હોઈ ત્યાં જઈ સાંજના સુમારે પરત ફરી તેના બ્યુટીપાર્લરનો ઓર્ડર હોઈ તેના બહેનને ઘરે જમવાનું બનાવવાનું ના પાડી ગયેલ અને રાતે નવેક વાગ્યાના સુમારે ઘરે આવીને તેના પરીવાર જોડે મોડી રાત સુધી ટીવી જોઈને રાતે પોતાના રૂમમાં જઈ સુઈ ગયેલ. બીજા દિવસે સવારે તેના બહેન ઉઠીને તેના દિકરાને ચા બનાવવાનું કહી તેની માસી રાધાબેનને ઉઠાડવાનું કહેતા તે રાધાબેનના રૂમનો દરવાજો ખોલતા બુમો પાડવા લાગ્યો હતો. જેથી તેની માતા અલકાબેન રૂમમાં જઈ જોતા રાધાબેન ગળે સાડી વડે પંખે ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળતા અલકાબેને તેના પતિ અને ભાઈને બોલાવી રાધાબેનને નીચે ઉતારીને તરત પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જતા સિવિલ હોસ્પિટલના ડૉકટરે તેને મૃત જાહેર કરતા રાધાબેનની લાશને પીએમ અર્થે ખસેડવામાં આવી હતી. યુવતીએ આપઘાત કરતાં પહેલા વિડિયો બનાવ્યો હતો. જેમાં તે એક ચાહત નામના ઈસમની માફી માંગીને ચાહતને ખુશ રહેવા કહે છે. યુવતી બધી રીતે કંટાળી હોઈ ગુંગળામણ અનુભવતી હોય આ પગલું ભરતી હોવાનું વિડિયોમાં જણાવે છે. રાધાબેન ચાહતને કોઈ સારી યુવતી શોધીને તેના જોડે લગ્ન કરશે તો રાધાબેનની આત્માને શાંતિ મળશે તેમ પણ કહે છે. આ ઘટનાને લઈને પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે અરજી કરતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

જિંદગી કુછ તો બતા અપના પતા.... પાક. બોટમાંથી મળેલા તરુણને ઓબ્ઝર્વેશન હોમમાં રખાતા તે ગુજરાતી શીખી ગયો

# પાકિસ્તાની તરૂણનો અઢી વર્ષ બાદ અટારી બોર્ડરે મા-બાપ સાથે મેળાપ

રાજકોટ કલેક્ટર બન્યા' બજરંગી ભાઈજાન'

સંસ્થામાંથી વિદાય વખતે બાળકોમાં ભારત-પાકિસ્તાનના ભેદ ભુલાઇ ગયા: સંવેદનાસભર દ્રશ્યો

। રાજકોટ ।

ભારત અને પાકિસ્તાનના વણસેલા સંબંધ વચ્ચે વર્ષ ૨૦૧૫માં આવેલી 'બજરંગી ભાઈજાન' ફિલ્મમાં 'મુન્ની' ભારત આવ્યા બાદ પરત પાકિસ્તાન પહોંચી શકી ન હતી. ફિલ્મનો હિરો અનેક અડચણ વચ્ચે પાકિસ્તાન મુકી આવે છે. આ ફિલ્મ જેવો જ રિયલ કિસ્સો રાજકોટમાં બન્યો છે. અને પાકિસ્તાની સગીર બાળકને તેના દેશમાં હેમખેમ પહોચાડવામાં રાજકોટ કલેક્ટર પ્રભવ જોશીએ 'બજરંગી ભાઈજાન'ની ભૂમિકા ભજવી છે.૩૧ મહિનાના રાજકોટમાં કારાવાસ(ઓબ્ઝર્વેશન) બાદ પાકિસ્તાની બાળક ઘણુ બધુ શીખી ગયો હતો. ખાસ કરીને તે યોગ ટ્રેનર, ગુજરાતી ભાષા શીખી ગયો હતો.સજા પુરી થયા પછી રાજકોટ છોડતી વખતે પાકિસ્તાની બાળક ભાવુક બની ગયો હતો.

જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, ગત તા. ૧૨-૧-૨૦૨૨ના રોજ પોરબંદરના દરિયાકાંઠા પાસે માછીમારી કરતા પાકિસ્તાની નાગરીકોની એક બોટ પકડાઈ હતી. તેમાં એક બાળ સગીર પણ હતો. ભારતીય જળસીમામાં ગેરકાયદે પ્રવેશ કરતા નવી બંદર પોલીસ મથકમાં બાળ કિશોર સામે ગુનો દાખલ કરવામાં આવેલ. બાળ કિશોરને જુવેનાઈલ જસ્ટીશ બોર્ડ પોરબંદર દ્વારા ન્યાયીક કસ્ટડીમાં ઝોનલ ઓબ્ઝર્વેશન હોમ રાજકોટમાં મોકલી આપેલ.

બાદમાં પોરબંદર જુવેનાઈલ જસ્ટીશ બોર્ડ દ્વારા કેસ ચલાવી તા.૨૫-૮-૨૦૨૨ના બાળ કિશોરને કસુરવાન ઠેરવી સુધારણા હેતુ જુવેનાઈલ જસ્ટીશ એકટની ૨૦૧૫ની કલમ ૧૮(જી) હેઠળ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને સ્પેશયલ હોમ ફોર બોયઝ રાજકોટ ખાતે રાખવાનો હુકમ કરવામાં આવેલ. અને સજા બાદ બાળ કિશોરને વતન ડિપાર્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ. બાળકની રાજકોટમાં અઢી વર્ષની સજા સમાપ્ત પુરી થયા બાદ વતન પાકિસ્તાન મુકવાની તૈયારી હાથ ધરવામાં આવી હતી. આથી ગત સપ્ટેમ્બર મહિનામાં બાળકને લઈ રાજકોટ કલેકટર તંત્ર, સમાજ સુરક્ષા વિભાગ, પોલીસ તંત્ર દ્વારા વાઘા બોર્ડરે લઈ જવામાં આવ્યો હતો.

પરંતુ બાળકના વાલીઓ તેડવા નહીં આવતા બાળકને લઈ તંત્ર પરત આવ્યું હતું. તે પછી જિલ્લા કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પાકિસ્તાનમાં બાળ કિશોરના વાલીને સંપર્ક કરવામાં આવ્યો હતો. અને તેઓને ફરી તા.૬-૯-૨૦૨૪ના અટારી બોર્ડર, અમૃતસર ખાતે હાજર રહેવા જણાવ્યું હતું. જ્યાં આ તારીખે પાકિસ્તાની બાળકના પરિવાર આવતા તેઓને બાળક સોંપવામાં આવ્યું હતું.

ઓબ્ઝર્વેશન હોમમાં પાકિસ્તાની બાળકે કુલ ૩૧ મહિનાની સજા કાપી હતી. પાકિસ્તાની બાળક ઉર્દુ અને હિન્દી બોલતો હતો. તેનું સંસ્થાના શિક્ષકો અને હાઉસ ફાધર દ્વારા બાળકને રસના વિષય ભણાવવાનો પ્રયત્ન કરેલ. અને ગુજરાતી ભાષા શિખવવાની કોશિષ કરતા બાળક ગુજરાતી બોલતા શીખી ગયો હતો. તેમજ અંગ્રેજીનું શિક્ષણ પણ મેળવેલ હતું. અને અંગ્રેજીમાં તેની સહિ કરતા પણ શીખી ગયો હતો.

ઓબ્ઝર્વેશન હોમમાં ૭ દિવસનો યોગાસન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં પાકિસ્તાની બાળકે નિપૂર્ણ બની અન્ય બાળકો માટે ટ્રેનર બની ગયો હતો. યોગાસન અભ્યાસમાં યોગ શિક્ષકની ભૂમિકા પણ ભજવેલ હતી. એટલુ જ નહીં રાષ્ટ્રીય પર્વ તથા વાર તહેવારની ઉજવણીમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતો. રાજકોટની સંસ્થામાંથી પાકિસ્તાન ડિપોર્ટ કરતી સમયે સંસ્થાના શિક્ષકો અને અન્ય બાળ ભાઈબંધો સાથે લાંબા સમયથી રહેતા પાકિસ્તાની બાળક રડવા લાગ્યો હતો. ત્યારે પાકિસ્તાની બાળક અને ભારતીય બાળકો વચ્ચે લાગણીસભર દ્રશ્યો સર્જાયા હતા.

**શરૂઆતમાં ટેન્શનમાં રહેલ તરૂણ વતન જવાનું રટણ કરતો ।** શરૂઆતમાં ટેન્શનમાં રહેલા તરૂણ પાકિસ્તાન જવાનું રટણ કરતો હતો. ત્યારે સંસ્થાના કાઉન્સેલર દ્વારા સમજાવટથી વતન પરત મોકવા વાયદા કરવામાં આવતા હતા.અને બાળકને હુંફ અને લાગણી આપી વતન પાછા ન ફરી શકવાના ટ્રોમાંથી બહાર કાઢી શિક્ષણ સાથે જોડવામાં આવ્યો હતો.

પ્રતીક ભૂખ હડતાળ કર્યા બાદ ભારે સૂત્રોચ્ચાર અને ઉગ્ર વિરોધ પ્રદર્શન

# પાટણ યુનિ.માં દારૂની મહેફિલ સહિતના મુદ્દે હલ્લાબોલ, પોલીસકર્મીને થપ્પડ પડી

## 'દારૂ કે દલાલો કો જૂતે મારો સાલોકો' ધારાસભ્ય અને NSUIના સૂત્રોચ્ચાર

। પાટણ । (સં.ન્યૂ.સ.)

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ આજે સમરાંગણમાં ફેરવાયું હતું. દારુ કાંડ મુદ્દે ધારાસભ્ય અને NSUI દ્વારા ધરણા કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જે દરમિયાન ભારે હોબાળો થયો હતો, પોલીસ અને કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ સમયે પોતાના અંગત કામ માટે સીવીલ ડ્રેસમાં ત્યાં અવેલા એક પોલીસ જવાનને ધારાસભ્ય સાથેના એક યુવાને લાફો મારી દીધો હતો. જોકે પોલીસ જવાન બંદોબસ્તમાં ન હોય તેણે ફરિયાદ નોંધાવી નહોતી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં થોડા દિવસો અગાઉ યુનિવર્સિટીની રૂષા હોસ્ટેલમાંથી ત્રણેક ખેલાડીઓ દારૂની મહેફીલ માણતા યુનિ.ના રેકટરના હાથે રંગેહાથ ઝડપાઈ જવા પામ્યા હતા. જેમની સામે પોલીસ દ્વારા હજુ સુધી ફરિયાદ નોંધાઈ નથી. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને NSUI દ્વારા યુનિવર્સિટીમાં બનેલી દારૂની મહેફીલ કાંડ સહિત વિવિધ મુદ્દે સોમવારે યુનિવર્સિટીમાં પ્રતિક ભૂખ હડતાલ અને ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને કુલપતિ અને રજિસ્ટ્રારને દારૂની મહેફીલ કાંડમાં દોષિત વ્યક્તિ સામે ફરિયાદ નોંધવા રજૂઆત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી અને રાજયના ગૃહમંત્રીને આ બાબતે લેખિતમાં રજૂઆત કરવા માટે જણાવતા કુલપતિ દ્વારા આ બાબતે લેખિતમાં રજૂઆત કરાઈ હતી. અંતે આંદોલન સમેટવામાં આવ્યું હતું.

સોમવારે બપોરે પાટણના ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોર, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઘેમરભાઈ દેસાઈ, NSUI ના પ્રદેશ પ્રમુખ સહિતના કોંગ્રેસના અગ્રણીઓ, કાર્યકરો, કોર્પોરેટરો તેમજ NSUI ના કાર્યકરોએ યુનિવર્સિટીના વહિવટી ભવન પાસે પ્રતિક હડતાલ કરી હતી તેમજ યુનિવર્સિટી વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રામધુન પણ બોલાવાઈ હતી. દારૂ કે દલાલો કો જૂતે મારો સાલો કો, શિક્ષણના ધામમાં આલ્કોહોલ મેદાનમાં વગેરે સૂત્રો પોકાર્યા હતા.

ત્યારબાદ ધારાસભ્ય કિરીટભાઈ પટેલ અને કાર્યકરો પોતાની રજૂઆતો યુનિવર્સિટીના કુલપતિ ડૉ.કે.સી.પોરીયાને કરવા માટે જતા તેમને વહિવટી ભવનના ગેટ પાસે અટકાવાયા હતા. ત્યારે પોલીસ અને ધારાસભ્ય વચ્ચે ચકમક ઝરી હતી. ત્યારબાદ ધારાસભ્ય તેમના સમર્થકો સાથે કુલપતિને મળ્યા હતા અને તેમની ચેમ્બરમાં પ્રતિક ભૂખ હડતાલ શરૂ કરી હતી.

જ્યાં સુધી તેમની માંગણીઓ ન સંતોષાય ત્યાં સુધી હડતાલ ચાલુ રાખવાની ચીમકી આપતા કુલપતિ દ્વારા આ બાબતે પત્ર તૈયાર કરીને રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને મોકલવામાં આવ્યો હતો ત્યારબાદ આંદોલન સમેટવામાં આવ્યું હતું.

# ભુવાલડીમાં જમીન ખાલી કરાવવા મુદ્દે પથ્થરમારો- તોડફોડ

## મામલતદારના આદેશ બાદ જમીનનો કબજો લેવા ગયેલા માલિકો પર હુમલો, ૪ને ઈજા : તોડફોડ કરનારા લોકોને પકડવા પોલીસનું કોમ્બિંગ



અમદાવાદ । નિકોલના છેવાડે આવેલા ભુવાલડી ગામમાં સોમવાર સવારે મામલતદારના આદેશ બાદ જમીનનો કબ્જો લેવા ગયેલા લોકો પર ૧૫થી વધુ શખ્સોના ટોળાએ તલવારો અને દંડાઓથી હિચકારો હુમલો કરીને પાંચ વાહનોમાં તોડફોડ કરી હતી. બાદમાં પથ્થરમારો પણ કર્યો હતો. વર્ષ ૧૯૭૫થી ગણતીયા તરીકે ધીરુભાઈ પટેલ અને અનિલભાઈ પટેલ નામના બંને ભાઈઓ જમીનના માલિક હોવાનો દાવો કરી રહ્યા છે. ત્યારે ભુવાલડી ગામના લોકો આજે વિરોધમાં ઉતરીને જમીનનો કબ્જો લેવા આવેલા શખ્સોના વાહનોમાં તોડફોડ કરતા ભારે નાસભાગ મચી હતી. ઘટના બાદ પોલીસે પાંચની અટકાયત કરી હતી.

ભૂવાલડી ગામમાં જમીન બાબતમાં ધીંગાણું સર્જાયું હતું. વડીલો પાર્જીત ૦૮ વીઘા જમીન અંગેનો વિવાદ કોર્ટમાં ચાલી રહ્યો હતો. ત્યારબાદ મામલતદારના આદેશ બાદ નિકોલ વિસ્તારમાં રહેતા બન્ને વૃદ્ધ ભાઈઓ જમીનનો કબ્જો લેવા સારું સોમવાર ભુવાલડી ગામે પહોંચ્યા હતા. પરંતુ ત્યાં મંદિર પણ હોવાથી મામલાની જાણ ગ્રામજનોમાં થતા જ લોકો તલવારો સાથે ઘાતક હથિયાર લઈને જમીનનો કબ્જો લેવા આવેલા લોકો પર હુમલો કર્યો હતો. પથી વધુ વાહનોમાં તોડફોડ કરીને મામલતદારના આદેશનું ઉલંઘન કર્યું હતુ. પથ્થરમારાના પગલે જમીનનો કબ્જો લેવા આવેલા બંને ભાઈઓ અને તેમની સાથે આવેલા લોકો ભાગી ગયા હતા ઘટનામાં ચારને ઈજા પણ પહોચી હતી. આ અંગે ધીરુભાઈ પટેલ અને અનિલભાઈ પટેલ સહીત અન્ય લોકોના નિકોલ પોલીસે નિવેદન નોંધ્યા હતાં.

### વર્ષો પહેલા જગ્યા ટ્રસ્ટના નામે હતી

વર્ષો પહેલા આ જગ્યા ધીરૂભાઇના નામે હતી. પરંતુ બાદમાં દેખરેખ ન હોવાથી જગ્યા ખાલી પડી રહી હતી. જે બાદ ગામના ટ્રસ્ટના નામે બોલતી હતી. જ્યાં ગૌશાળા હતી. બાદમાં રેવન્યુ તકરારમાં કેસ ચાલી રહ્યો હતો. જેમાં તંત્રના આદેશ બાદ રિતેશ ધીરૂભાઇ પટેલ સહિત પાંચ લોકો જમીન પર કબ્જો લેવા પહોચ્યા હતા. જેમાં ગામવાળાને આ જગ્યા અમારી છે કહીને ટોળુ એકઠુ થઇનેહુમલો કર્યો હતો.

૧૦ સભ્યોના ટાસ્ક ફોર્સનું કાર્યક્ષેત્ર નક્કી કરાયું

# રાજ્ય સરકારમાં AIનો ઉપયોગ માટે ટાસ્ક ફોર્સની રચના કરાઈ

। ગાંધીનગર ।

ગુજરાત સરકારે તાજેતરની ચિંતન શિબિરમાં લીધેલા નિર્ણયના ભાગરૂપે સરકારમાં વિવિધ સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ઉપયોગ માટે રોડ-મેપ તૈયાર કરવા રાજ્યના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્રસચિવ મોના ખંધારની અધ્યક્ષતામાં ૧૦ સભ્યોના ટાસ્ક ફોર્સની રચના કરી છે. સાથોસાથ, ગિફ્ટસિટીમાં એઆઇ સેન્ટર ઑફ એક્સલન્સની સ્થાપના માટે માઇક્રોસોફ્ટ કંપની સાથે તાજેતરમાં એમઓયુ કર્યો છે.

એઆઇ ટાસ્ક ફોર્સની સ્કોપ ઑફ વર્કમાં આ બધી બાબતો આવરી લેવાઈ છે : વ્યૂહાત્મક પ્લાનિંગ-સર્વગ્રાહી એઆઇ રોડમેપ અને તેના અમલીકરણ માટે સ્ટ્રેટેજી તૈયાર કરવી, એઆઇ એડોપ્શન-સરકારી અને બિન સરકારી ક્ષેત્રના વિવિધ સેક્ટર્સમાં એઆઇના ઉપયોગની ઓળખ કરવી, પોલિસી એડવોકસી-ઈન્ડિયા એઆઇ મિશન સહિતના રાષ્ટ્રીય એઆઇ ફ્રેમવર્ક તથા નીતિઓ સાથે સુસંગતતા નિશ્ચિત કરવી, કોલાબ્રેશન-શિક્ષણ તજજ્ઞો, ઔદ્યોગિક ક્ષેત્રના આગેવાનો, સ્ટાર્ટઅપ્સ તથા ઈન્ટરનેશનલ એઆઇ કંપનીઓ સાથે ભાગીદારી કરવી, કેપેસિટી બિલ્ડિંગ-રાજ્યમાં એઆઇ સાક્ષરતા વધારવી અને સ્કિલ ડેવલપમેન્ટને પ્રોત્સાહિત કરવું.

ડેટા સિક્યોરિટી- ડેટા સિક્યોરિટી સહિતની એઆઇ એડોપ્શન વગેરે તમામ બાબતો આવરવી, મોનિટરિંગ એન્ડ ઈવોલ્યુશન- પ્રોજેક્ટનું મૂલ્યાંકન કરવું તથા જરૂર પડ્યે સુધારા કરવા, ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ-એઆઇ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે નિષ્ણાત સલાહ-માર્ગદર્શન પૂરું પાડવું તથા સ્ટેટ ડેટા સેન્ટરને એઆઇ એન્બલ્ડ બનાવવું.

ટેન્ડર નોટીસ

મનરેગા શાખા, તાલુકા પંચાયત કચેરી, તાલુકો - ફતેપુરા, જીલ્લા-દાહોદ

ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં-૧ સને ૨૦૨૪-૨૦૨૫

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, ફતેપુરા જીલ્લા-દાહોદ પીન-૩૮૯૧૭૨ ની કચેરી હસ્તકની ગ્રામ પંચાયતોમાં મનરેગા યોજના અંતર્ગત માલસામાન સપ્લાયની કામગીરી કરતા ઈજારદારો માટે ઈ-ટેન્ડર દ્વારા ટેન્ડર ડોક્યુમેન્ટની શરતોએ ભાવો મંગાવવામાં આવે છે ટેન્ડર ફી નો ડી.ડી./ બાનાની રકમ એફ.ડી વિગેરે સપોર્ટીંગ ડોક્યુમેન્ટ બીડ સબમીશન સાથે ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં સ્કેન કરવાના રહેશે. આવા સ્કેન થયેલ ટેન્ડરો જ ખોલવામાં આવશે. વેબસાઈટ www.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઈ શકશે. તેમજ માહિતી વિભાગ વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે. ઈ-ટેન્ડરની વિગતો તથા વિગતવાર ટેન્ડર નોટીસ અત્રેની કચેરીના નોટીસબોર્ડ પર જોવા મળશે. આ જાહેરાત કરારપત્ર નો એક ભાગ ગણાશે, ટેન્ડર એ કયા બધા મંજુર કે નામંજુર કરવાના હક્ક સત્તાધિકારીઓશ્રીને અબાધિત રહેશે.

| અ.નં. | કામનું નામ | બાનાની (EMD) રકમ રૂા. | ટેન્ડર ફીની રકમ રૂા. (નોન રીફંડેબલ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | માલસામાન/મટીરીયલ (સિવિલવર્ક) સપ્લાય | Rs.16.00 લાખ | Rs.15000/- |
| બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ શરુ થવાની તારીખ | | 17/12/2024 | |
| બીડ ડોક્યુમેન્ટ સબમીશનની છેલ્લી તારીખ | | 07/01/2025 | |
| ટેન્ડર ફી અને બાનાની રકમ તથા ડોક્યુમેન્ટ RPAD દ્વારા પહોંચાડવાનીતારીખ | | 15/01/2025 | |
| ટેન્ડર વેલીડીટી પીરીયડ | | 120 days | |
| Tender Opening Date | | 17/01/2025 | |
| બીડ વેલીડીટીંગ ઓફિસર | | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, તાલુકો ફતેપુરા જીલ્લા - દાહોદ | |
| બીડ ઓપનીંગ ઓથોરીટી | | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, તાલુકો ફતેપુરા જીલ્લા - દાહોદ | |
| બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો રજુ કરવાનું સ્થળ | | તાલુકા પંચાયત કચેરી, તાલુકો ફતેપુરા જીલ્લા-દાહોદ | |

જનરલ ટર્મસ એન્ડ કંડીશન

(૧) બીડર્સ ટેન્ડર ડોક્યુમેન્ટસ વેબસાઈટ https://www.nprocure.com પરથી વિનામુલ્યે ડાઉનલોડ કરી શકાશે.

(૨) બીડર્સ તેમનું બીડ ઈલેક્ટ્રોનિક ફોરમેટમાં વેબસાઈટ https://www.nprocure.com પર છેલ્લી તારીખ અને સમય સુધીમાં સબમિટ કરવાનું રહેશે.

(૩) ફીજીકલ ફોર્મસમાં રજુ થયેલ ઓફર્સ સ્વીકારવામાં આવશે નહિ.

પ્રોગ્રામ ઓફિસર
- વ -
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત કચેરી, ફતેપુરા

(માહિતી-દાહોદ-૨૯૧-૨૦૨૪)

GSECL

GUJARAT STATE ELECTRICITY CORPORATION LIMITED
VidyutBhavan, Race Course, Vadodara, India - 390007.
CIN: U40100GJ1993SGC019988, Website: www.gsecl.in
Pn. 91-265-6612101/04, Fax: 91-265-2344537
Generation Department e-mail: cegen.gsecl@gebmail.com

**Tender Notice No. GSECL/CEG/P&C/GP-I/AS/ Conv.Belt/426. n-Procure Tender ID No: 136860.**

Chief Engineer (Gen), Gujarat State Electricity Corporation Limited, Vadodara invites e- tender(On line) for the supply of **F.R. Grade Coal Conveyor Belts to various Power Stations of GSECL on annual rate contract basis as per technical specifications mentioned at tender Documents and Schedules.**

The tender documents of above are available on website https://www.tender.nprocure.com (for view, down load and on-line submission) and on website https://www.gsecl.in/ (for view and down load only). Interested vendors may surf the above website and may download the said tender from our website, for submission of your tender on n-Procure before due date and time.

**Note:** - Be in touch with our website till the opening of bid.

Sd/-
Chief Engineer (Generation), GSECL,
Corporate Office, Vadodara.

MGVCL

મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, સરદાર પટેલ વિદ્યુત ભવન
રેસકોર્ષ, વડોદરા - ૩૯૦ ૦૦૭
CIN : U40102GJ2003SGC042907

જાહેર વિજ્ઞપ્તિ

**માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (જીઈઆરસી), ગાંધીનગર સમક્ષ રજુ કરેલ પીટીશન અરજી નં. ૨૪૦૭/ ૨૦૨૪ બાબતમાં**

માનનીય ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, ગાંધીનગર સમક્ષ નિમ્ન લિખિત સંદર્ભમાં અરજદાર મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ અધિનિયમન ૨૦૦૩ની કલમ ૬૩, ૮૬ (૧) (બ) અને અન્ય સંલગ્ન જોગવાઇ અન્વયે પીએમ કુસુએમ યોજનાના ઘટકસી હેઠળ આરએફએસ નંબર એમજીવીસીએલ/ પ્રોજેક્ટ/ ડીએસએમ/ પીએમ- કુસુમ- સી- એફએલએસ/ ટીએન- ૦૭ તા. ૦૩-૦૧-૨૦૨૪ થી ફીડર લેવલ સોલારાઇઝેશન હેઠળ ટેરિફ આધારીત સ્પર્ધાત્મક બિડિંગ પ્રક્રિયા મારફત પ્રાપ્ત થયેલ ટેરિફ અપનાવવા માટેની ૧૧કેવી ફીડરોના સોલરાઇઝેશન માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ જેમાં ૩૩ સબ સ્ટેશનના કુલ ૭૬ મેગાવોટના પ્રોજેક્ટસનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં તા. ૧૩-૧૨-૨૦૨૪ના રોજ સુનાવણી દરમિયાન માનનીય આયોગના આદેશ મુજબ હિસ્સેદારો (સ્ટેકહોલ્ડર્સ) ને આથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત પીટીશનમાં કોઇ સુચનો/ વાંધા/ કોમેન્ટ્સ રજુ કરવા ઇચ્છા ધરાવતા હોય તો તેઓએ સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગીફ્ટ- ૧, રોડ ૫-સી, ઝોન- ૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨૩૩૩ ને આ જાહેર સુચનાની તારીખથી ૧૦ દિવસ સુધીમાં આધારિત પુરાવા સહીત સોગંદનામા પર પાંચ કોપીમાં આપવાની રહેશે. સદર સુચનો/ વાંધા/ કોમેન્ટ્સની રજૂઆતની એક નકલ જે તે અરજદારે નિમ્ન લિખિત સરનામા પર પણ મોકલી આપવાની રહેશે. ઉપરોક્ત બાબતમાં રસ ધરાવતા પક્ષકારોને પીટીશનની નકલ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ) મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, નિગમિત કચેરી, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્ષ, વડોદરા - ૩૯૦૦૦૭ અને અન્ય પીટીશનરોને આપવાની રહેશે. સદર પીટીશનની ઇલેકટ્રોનિક નકલ અરજકર્તાની વેબસાઇટ www.mgvcl.com પર ઉપલબ્ધ છે.

તા. ૧૭-૧૨-૨૦૨૪ મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ) એમજીવીસીએલ